# આપણી એચ.સી.જી.

AAPNI HCG is a Bilingual Monthly, Published on 7th of Every Month
Volume No. 03 | Issue No. 6 | July 2019 I Retail Price : Rs. 10/- | Annual Sub. : Rs. 100/-

## એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા

### જ્યાં મળશે અત્યાધુનિક ટેકનોલોજી સાથે શ્રેષ્ઠ સારવાર

Ga-68 PSMA PET-CT



IGRT, IMRT, 3DCRT
Radiation Therapy





Premium Day-care Chemo Suite,
Bone Marrow Transplant Unit



TURNING HOPE INTO REALITY
IN FIGHT AGAINST CANCER.

HCG Hospitals
adding life to years


## Chief Editor

Dr. Bharat Gadhavi
Regional Director,
HCG Hospitals - Gujarat

## Contributors

Dr. Priyanka Das
Consultant - Medical Oncology
HCG Cancer Centre, Vadodara

Dr. Hemant Sant
Consultant - Preventive Oncology
HCG Cancer Centre, Vadodara

Dr. Ritika Batra
Deputy Manager - Quality Assurance
HCG Cancer Centre, Vadodara




**Dr. Rajiv Bhatt**
Director – HCG Cancer Centre Vadodara

# From Director's Desk

One more year completed, a year of commitment, compassion and care. We continue to remain steadfast in our mission drawing strength and inspiration from our countless patients and families whom we have treated and who have successfully faced and overcome the challenges of cancer diagnosis.

At HCG we consider it a privileged opportunity to serve cancer patients and whilst helping them cope with disease, we witness the true strength of the human spirit on daily basis. The basis and strength of our treatment has always been the multidisciplinary approach of our cancer specialists backed by our regular daily multidisciplinary team meetings wherein every patient is thoroughly examined, discussed and consensus management plan is recommended. This means that each patient gets personalized and customized treatment i.e. " Precise Cancer Care" which results in higher survival rates and better quality of life . At HCG Vadodara, our holistic approach encompasses not only treatment but also after treatment quality of life. Our aim is to provide the best cancer care to all strata of society. This is achieved by associating with various corporate, insurances companies, TPA's, ESIC, and helping under privileged cancer patients to access quality treatment via "HCG Foundation" In addition we are empanelled for the MAA Yojana Scheme and PM JAY Yojana Scheme.

We have recently launched our specialty hematology clinic for blood cancers and diseases as well as the Bone Marrow Transplant Unit. Our Family Cancer Risk Clinic is now fully functional. Our Outreach programme continues to benefit patients from peripheral districts and regions. We continue to promote cancer awareness and healthy lifestyles through multiple programmes .

HCG Cancer Centre Vadodara has been successful in touching 12,370 lives. Our goal is to provide the best care, comfort and cure for our cancer patients and with everyone's support we are sure we will be able to achieve it.

HCG Hospitals
adding life to years



# સ્તન અને ગાયનેકોલોજિકલ કેન્સર્સ

વિશ્વભરમાં મહિલાઓનાં મૃત્યુનું સૌથી આગળ પડતું કારણ કેન્સર છે. દેશોમાં આર્થિક ક્ષેત્રે થઈ રહેલા અને કેન્સરનાં જોખમી પરિબળોમાં આવી રહેલાં ફેરફારોને કારણે મહિલાઓમાં કેન્સર થવાનું જોખમ વધી રહ્યું છે. જોખમી પરિબળોમાં ધૂમ્રપાન, શરીરનું વધુ પડતું વજન, બેઠાડુ જીવન અને પ્રજનનની પેટર્ન્સમાં આવેલા ફેરફારો જેમ કે પાછલી ઉંમરે સંતાન થવું અને ઓછાં બાળકોનો જન્મ જેવાં પરિબળો કારણરૂપ છે. મહિલાઓમાં કેન્સરના વધી રહેલા જોખમ પ્રત્યે ગંભીરતાથી વિચારવાનું ખૂબ અગત્યનું છે, તેનાથી તેમની તંદુરસ્તી પર થતી અસર માટે જ નહીં, પણ જાતિ અસમાનતાનો સામનો કરવા માટે અને સામાજિક અને આર્થિક ક્ષેત્રે તેમની ભૂમિકા અને પરિવારની સંભાળ રાખનારા તરીકેની અદ્વિતીય ભૂમિકા માટે પણ આ જોખમો વિશે વિચારવું ખૂબ મહત્ત્વનું છે. કેન્સરની પીડા ઓછી કરવાનું અને વ્યકિત, પરિવાર અને સમાજ પર પડતા આર્થિક બોજને ઘટાડી શકાય તે શક્ય છે. સ્ત્રીઓમાં થતાં કેટલાંય સામાન્ય કેન્સરને રોકવાના અને/અથવા વહેલું નિદાન થવા માટેના જાણીતા ઉપાયો છે જેને સંસાધનોની યોગ્યતા પ્રમાણે અમલમાં મૂકી શકાય.

### સ્તન કેન્સર

ભારતીય મહિલાઓમાં સ્તન કેન્સરનું નિદાન સૌથી વધુ પ્રમાણમાં થાય છે. ભારતમાં વર્ષ ૨૦૧૮માં સ્તન કેન્સરના ૧,૬૨,૪૬૮ નવા કિસ્સા અને આ કેન્સરથી ૮૭,૦૯૦ મૃત્યુ નોંધાયાં હતાં. સ્તન કેન્સરનું જોખમ વધારે તેવાં અમુક નક્કી પરિબળોમાં પરિવારમાં કોઈને સ્તન કેન્સર હોય, બીઆરસીએ૧ કે ૨ મ્યુટેશન્સ, પ્રજનનને લગતાં પરિબળો જે એસ્ટ્રોજનના આંતરિક એક્સપોઝર (સંતાનહિન હોવું, માસિક વહેલું શરૂ થવું, મેનોપોઝ પછી અને પાછલી ઉંમરે સંપૂર્ણ ગર્ભાવસ્થા) ને અસર કરે છે, દારૂનું સેવન, બેઠાડુ જીવન, મેદસ્વી શરીર (મેનોપોઝ પછી થતું સ્તન કેન્સર), ગર્ભનિરોધક ગોળીઓ અને મેનોપોઝલ હોર્મોનલ રિપ્લેસમેન્ટ થેરાપી અને ખાસ કરીને નાની ઉંમરમાં છાતીમાં રેડિયેશનનો ઊંચો ડોઝ વગેરે છે. મેમોગ્રાફી કરાવવાથી સ્તન કેન્સર અને કેન્સરની ગાંઠ વિશે વહેલી જાણ થઈ જાય છે અને તેનાથી મૃત્યુદર ઘટે છે અને સારવાર સફળ થવાની શક્યતા ખૂબ વધી જાય છે. નિયમિત શારીરિક તપાસના એક ભાગ તરીકે સ્તનની તબીબી તપાસની સલાહ આપવામાં આવી શકે છે.

### સર્વાઇકલ કેન્સર

બીજા કોઈ પણ દેશ કરતાં ભારતમાં સર્વાઇકલ કેન્સરથી મૃત્યુ પામતી મહિલાઓની સંખ્યા વધુ છે. ભારતમાં દર ૮ મિનિટે એક સ્ત્રી સર્વાઇકલ કેન્સરથી મૃત્યુ પામે છે. ભારતમાં સર્વાઇકલ કેન્સરના દર વર્ષે ૯૬,૯૨૨ નવા કિસ્સા જાણવા મળ્યા છે અને દર વર્ષે ૬૦,૦૭૮ મૃત્યુ થાય છે. સર્વાઇકલ કેન્સરનું મુખ્ય જોખમી પરિબળ હ્યુમન પેપિલોમા વાઇરસ છે. એચપીવી ૧૬ અને ૧૮ એ સર્વાઇકલ કેન્સરના સૌથી કોમન પેટાપ્રકાર છે, આ બંને વિશ્વભરમાં ૭૦ ટકા સર્વાઇકલ કેન્સર માટે જવાબદાર છે. નાની ઉંમરમાં શારીરિક સમાગમ અને ઘણી વ્યકિત સાથે શારીરિક સંબંધ બાંધવો જેવાં પરિબળોને લીધે સર્વાઇકલ એચપીવીનું ઇન્ફેક્શન થવાનું જોખમ વધી જાય છે. હાઇ-રિસ્ક એચપીવી સબટાઇપ્સથી ઇન્ફેક્શન થયું હોય એવી મહિલાઓમાં સર્વાઇકલ કેન્સરનું જોખમ વધારે એવાં પરિબળોમાં ઊંચી સમાનતા, ગર્ભનિરોધક ગોળીઓનો ઉપયોગ, એચઆઇવી ઇન્ફેક્શન અને ધૂમ્રપાનનો સમાવેશ થાય છે. સર્વાઇકલ કેન્સરની તપાસ આસાનીથી થઈ શકે છે, એચપીવી વેકિસન ઉપલબ્ધ છે અને સામાન્ય રીતે આ રોગ ધીમે ધીમે વધતો જાય છે તેથી તેને લગભગ પૂરેપૂરો રોકી શકાય છે એવું મનાય છે. ડબ્લ્યુએચઓ ૯થી ૧૩ વર્ષની છોકરીઓમાં એચપીવી વેકિસન પ્રાથમિક્તાના ધોરણે આપવી જોઈએ એવી ભલામણ કરે છે કારણ કે આ વેકિસનથી ૯૦ ટકા જેટલા સર્વાઇકલ કેન્સરના કિસ્સાઓ રોકી શકાય છે. પેપ ટેસ્ટ, એચપીવી ડીએનએ ટેસ્ટ અને એસિટિક એસિડ (વીઆઇએ) સાથે વિઝ્યુઅલ ઇન્સ્પેકશન વગેરે જેવી તપાસ એ આ રોગ ઘટાડવાનાં મુખ્ય પગલાં છે.

### યુટેરીન કોર્પસ કેન્સર

વિશ્વ આખામાં મહિલાઓમાં કેન્સરના કિસ્સા અને મૃત્યુદર યુટેરીન કોર્પસ કેન્સરથી ૫ ટકા અને ૨ ટકા જેટલા ગણાય છે. વધુ પડતું શારીરિક વજન, પેટની ચરબી, મેનોપોઝલ એસ્ટ્રોજન થેરાપી, નાની ઉંમરે માસિક શરૂ થઈ જવું, મોડું મેનોપોઝ, સંતાનહિન રહેવું, પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ અને


ટેમોક્ઝિફેનના ઉપયોગ જેવાં જોખમી પરિબળોનો સમાવેશ થાય છે. તંદુરસ્ત વજન જાળવવાથી આ કેન્સરના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

**ઓવરીયન કેન્સર**

દુનિયાભરમાં થતા કેન્સરના કિસ્સાઓ અને તેનાથી મહિલાઓનાં મૃત્યુમાં લગભગ ૪ ટકા ઓવરીયન કેન્સરથી થાય છે. પરિવારમાં કોઈને સ્તન કે ઓવેરીયન કેન્સર હોય તો તે ઓવેરીયન કેન્સર થવા માટે એક અગત્યનું જોખમી પરિબળ છે, તે સાથે જેનેટિક પ્રિડિસ્પોઝિશન (બીઆરસીએ૧ અને બીઆરસીએર જર્મલાઇન મ્યુટેશન્સ) પણ ૧૦થી ૧૫ ટકા કેસમાં એક મહત્ત્વનું પરિબળ ગણી શકાય. જેમને સ્તન કેન્સર થયું હોય તેમનામાં અને લિન્ચ સિન્ડ્રોમ ધરાવતી મહિલાઓમાં આનું જોખમ વધારે રહેલું હોય છે. ઓવેરીયન કેન્સર યુટેરીન કોર્પસ કેન્સર જેવાં કેટલાંક હોર્મોનને લગતાં જોખમી પરિબળો ધરાવે છે જેમ કે, મેનોપોઝલ હોર્મોન થેરાપી (સંયુક્ત અથવા તો એકલા એસ્ટ્રોજનની) અને વધુ પડતું શારીરિક વજન તથા ગર્ભાવસ્થા અને ગર્ભનિરોધક ગોળીઓના ઉપયોગ જેવાં પરિબળોથી પણ થઈ શકે છે.

**તારણ**

વસ્તી અને ઉંમર વધવાને કારણે, શહેરીકરણના ફેલાવાના કારણે મહિલાઓમાં કેન્સરનું જોખમ વધવાની આશંકા સેવાઈ રહી છે. કેન્સર સામેની બીમાર માનસિક્તા અને મૃત્યુદર ઘટાડી શકાય એવી ઘણી જાણીતી વ્યૂહરચનાઓ છે. ખાસ કરીને સ્તન કેન્સર અને સર્વાઇકલ કેન્સરમાં. તમાકુસેવનમાં નિયંત્રણ, એચપીવી રસીકરણ અને જુદી જુદી તપાસ કરાવવાથી આ બધાં કેન્સર અટકાવી શકાય છે.






**ડૉ. પ્રિયંકા દાસ**
કન્સલ્ટન્ટ, મેડિકલ ઓન્કોલોજી
**એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા**


## HCG CANCER CENTRE VADODARA INTRODUCES

# PAIN & PALLIATIVE CARE CLINIC

**RELIEF... COMFORT... COMPASSION...**

**BREAKING THE BARRIER**



**SERVICES / સુવિધાઓ**

CANCER PAIN - કેન્સરનો દુખાવો
CHRONIC PAIN - લાંબા સમયનો દુખાવો
PALLIATIVE CARE - પેલીએટિવ કેર
HEADACHE /BACKACHE - માથા અને પીઠનો દુખાવો
NEURALGIA / SCIATICA - ન્યુરોલજીયા/સાયટીકા

TIME : MONDAY TO FRIDAY | 5.00 PM TO 6.30 PM
(WITH PRIOR APPOINTMENTS )



HCG Hospitals
adding life to years

## HCG CANCER CENTRE VADODARA INTRODUCES

# PAIN & PALLIATIVE CARE CLINIC

**"માનવતા માટે પીડા, મૃત્યુ કરતા પણ વધુ ભયાવહ છે"**

– આલબર્ટ શ્વિત્ઝર

આજે દર્દનું યોગ્ય સંચાલન સમાજ અને ખાસ કરીને તબીબો સંસ્થાઓની સૌથી મહત્ત્વપૂર્ણ અને આવશ્યક જવાબદારી છે. કેટલી ગંભીરતાથી આ જવાબદારી સમજવામાં આવે અને અમલમાં મૂકવામાં આવી છે તે સમાજની ગુણવત્તા, સંવેદનશીલતા, ઉત્તરદાયિત્વ ઉપરાંત નાણાંકીય ક્ષમતા પર આધાર રાખે છે. અદ્યતન ટેક્નોલોજી, સુવિધાઓ અને સમર્પિત નિષ્ણાંતો ખાસ દર્દ નિવારક ચિકિત્સાલય વિકસિત રાષ્ટ્રોનો મહત્ત્વનો ભાગ છે.

**"પીડામાંથી મુક્તિ એ જ સાચો આનંદ છે"** - જ્હોન ડ્રાઈડન

૧૫૦ કરોડથી પણ વધુ લોકો લાંબા ગાળાના દર્દ સાથે જીવન વ્યતીત કરે છે, તેમાના મોટા ભાગના લોકો કહે છે કે તેમને દિવસે રોજિંદા કામમાં ધ્યાન કેન્દ્રિત કરવા અને રાત્રે નિરાંતે સૂવામાં મુશ્કેલીનો સમાનો કરે છે. તેઓનું કહેવું છે કે, જે ઉર્જાશક્તિ અને જીવન જીવવાના આનંદને પણ અસર કરે છે.

જો પીડા તમારા જીવનનનો રોજિંદો હિસ્સો હોય તો પીડા નિવારક કેન્દ્ર તમારા સહાયરૂપ બની શકે છે.

પેલીએટીવ કેર, જીવન જોખમી બીમારીથી પીડાતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવાની પદ્ધતિ છે. પ્રાથમિક અવસ્થામાં જ બીમારીની ઓળખ, નિવારણ અને સારવારમાં મદદ કરે છે. આ શારીરિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સમસ્યાઓ સામે સુધારા તરફનો એક મહત્ત્વનો માર્ગ છે.

**દર્દ અને પેલિએટિવ કેર (પીડા ઓછી કારનાર) ચિકિત્સાલય શું છે ?**

આ એક એવી સ્વાસ્થ્યની કાળજી માટેની સુવિધા છે જે પેલિએટીવ કેર સાથે તીવ્ર અને લાંબાગાળાની પીડાના નિદાન અને સંચાલન પર કેન્દ્રિત છે.

**અમારી ટીમમાં સમાવિષ્ટ :**

- ડોક્ટર
- નર્સ
- મનોવૈજ્ઞાનિક
- શારીરિક ઉપચારક
- વ્યવસાયિક ઉપચારક
- પોષણશાસ્ત્રી અને આહારશાસ્ત્રી

**ઉદ્દેશ :**

પેલિએટિવ કેરનો ઉદ્દેશ પીડા ઘટાડી અને જીવનની ગુણવત્તા સુધારવાનો છે. પીડા ચિકિત્સાલયની સારવાર તમને પીડા નિયંત્રણ અને સામાન્ય જીવન જીવવામાં મદદ કરે છે. પેલિએટિવ કેરનો હેતુ, ડોક્ટર, નર્સ, સલાહકાર, સામાજિક કાર્યકર અને સ્વયંસેવકોની આંતર શાખાકીય, બહુ પરીમાણીય ટીમ દ્વારા દર્દી ઉપરાંત તેમના પરિવારના જીવનની ગુણવત્તામાં પણ સુધાર કરવાનો છે.

**ઉપલબ્ધ સેવાઓ :**

દર્દ અને પેલિએટિવ કેર ચિકિત્સાલય દર્દીને કેન્દ્રોમાં રાખે છે ,પીડાને નહીં, નિષ્ણાંતો, તાલીબદ્ધ અને અનુભવી સલાહકારો પીડાને મૂળમાંથી જાણકારી અને તેનો ઉપચાર કરે છે. સારવાર ઉપરાંત, તેઓ શારિરીક ઉપચાર, પુર્નવસન અને મરામર્સ જેવી અન્ય સારવાર પણ આપે છે.

**સારવાર માટેની સેવાઓ :**

- લેડર મેનેજમેન્ટ
- ફિઝિયોથેરાપી ( અંગ વ્યાયામ ચિકિત્સા )
- માનસિક સહાય / ટેકો
- પેશન્ટ - કંટ્રોલ્ડ એનાલ્જેસિયા
- નવર્સ બ્લોક – યુ.એસ.જી. / સી.એ.આર.એમ. / સી.ટી. ગાઈડેડ
- ન્યૂરોલિટીક બ્લોક્સ
- રેડિઓ ફ્રિકવન્સી અબ્લેશન
- ઈપિડ્યૂરલ ઈમ્પ્લાન્ટ અને ઈંટ્રાથિલ પંપ

**પીડા સારવારના પ્રકાર :**

- કેન્સર પીડા
- કમરની પીડા
- પગનો દુ:ખાવો
- લાંબાગાળાની પીડા
- માથાનો દુ:ખાવો
- પોસ્ટ ઓપરેટિવ પીડા
- મજ્જાતંતુઓને લગતી પીડા

**TIME : MONDAY TO FRIDAY | 5.00 PM TO 6.30 PM**
**(WITH PRIOR APPOINTMENTS )**



**ડો. ચેતન શાહ**
ડાયરેક્ટર – ડિપાર્ટમેન્ટ ઓફ એનેસ્થેસિયોલોજી એન્ડ પેઈન મેડિસીન
**એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા**



**ડો. પ્રણવ પટેલ**
ડાયરેક્ટર – ઈન્ટેન્સિવ કેર એન્ડ પેઈન મેનેજમેન્ટ
**એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા**

HCG Hospitals
adding life to years



# "સુવિધાસભર કેન્સર સેન્ટરે મને આપ્યુ નવુ જીવન"

કેન્સરનો ઈલાજ શક્ય નથી... આ એક ગેરમાન્યતા છે. કારણકે જો તેની જલ્દી સારવાર કરવામાં આવે તો તે મટી શકે છે. આજના યુગમાં કેન્સરને એક સામાન્ય બીમારી તરીકે જોવામાં આવી રહયું છે. અત્યારે બ્રેસ્ટ, સર્વાઈકલ, ઓરલકેવીટી અને લંગ કેન્સર સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. જો આ કેન્સરનું વહેલું નિદાન થાય અને તેની સારવાર કોઈ સુવિધાસભર કેન્સર સેનટરમાં કરવામાં આવે તો તે જરૂરથી મટી શકે છે.
વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા નીચેના કારણોસર કેન્સરની બિમારી થતી હોવાનું દર્શાવે છે.

- તમાકુનું સેવન
- મદિરાપાન
- મેદસ્વીતા
- ફળ અને શાકભાજીનો ઓછા પ્રમાણમાં ઉપયોગ
- શારીરિક કસરતનો અભાવ
- જટિલ ઈન્ફેક્શન જેવાકે હેલીકોબેક્ટર પાયરોલી, હિપેટાઈટીસ બી વાઈરસ, હિપેટાઈટીસ સી વાયરસ અને અમુક પ્રકારના હ્યુમન પેપીલોમાં વાઈરસ
- પર્યાવરણ અને કાર્યક્ષેત્રના જોખમો જેવાકે આઈઓનાઈઝીંગ અને નોન આઈઓનાઈઝીંગ કિરણો

## કેન્સરને કઈ રીતે નિવારી શકાય છે?

- કેન્સરને નિવારવા માટે આપને સ્વાસ્થ્ય વર્ધક જીવનશૈલી અપનાવી જોઈએ. જેમાં આપને રોજીંદા જીવનમાં નિયમિત પોષાક ખોરાક, કસરત, વધતા વજન પર નિયંત્રણ, તમાકુના સેવનને જાકારો, ધુમ્રપાનને જાકારો અને વધુ પડતા સૂર્યના કિરણોના સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ.
- બ્રેસ્ટ કેન્સર, કોલોન કેન્સર જેવા કેટલાક સામાન્ય કેન્સર માટે વૈજ્ઞાનિક પરીક્ષણ ઉપલબ્ધ છે, જે કરાવવાથી આ રોગનું વહેલું નિદાન શક્ય બનશે.
- કેન્સરનું વહેલું નિદાન અને તેની કોઈ સુવિધાસભર કેન્સર સેન્ટરમાં સારવારથી દર્દીને સારું જીવન જીવવા મળે છે અને યોગ્ય કેન્સર થેરાપીને કારણે તેને કર્ક રોગમાંથી રાહત પણ થાય છે.

## શું કામ કેન્સરની સારવાર સુવિધાસભર કેન્સર સેન્ટરમાં થવી જોઈએ?

કેન્સર એક એવો રોગ છે જેના નિદાન અને સારવારના કાર્યમાં વિવિધ પ્રકારની સારવારની જરૂર પડતી રહે છે. જો કેન્સરના દર્દીને પધ્ધતિસર સારવાર આપવામાં આવે તો તે ફરી એક વાર રોજીંદી જીવનશૈલી જીવી શકે છે. આ કારણોસર સુવિધાસભર અને પધ્ધતિસરના કેન્સર સેન્ટરમાં સારવાર કરાવવી જરૂરી છે.

- કેન્સર સેન્ટર એક એવી જગ્યા છે જેમાં દરેક પ્રકારના તબીબી વિષયોના નિષ્ણાંત નિદાન અને સારવાર દરમ્યાન હાજર રહે છે.
- સાચું અને યોગ્ય નિદાન અને તેની યોગ્ય સમયે સારવાર સાથે પ્રતિદિન આ સારવારને કારણે દર્દીના સ્વાસ્થ્ય પર નજર રહેવી ખૂબજ જરૂરી છે.
- આવા કેન્સર સેન્ટરમાં અધતન ટેકનોલોજી થી સુસજ્જ મેડિકલ ઉપકરણોની ઉપલબ્ધતા જરૂરી છે.

### કેન્સર! શા માટે એચસીજી કેન્સર સેન્ટરની જ પસંદગી?

- સમગ્ર ભારતમાં ૨૫ થી પણ વધારે હોસ્પિટલ્સ સાથે એચ.સી.જી. એ કેન્સર સારવારની સૌથી મોટી શ્રુંખલા ધરાવે છે.
- કેન્સરને લગતા તમામ સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર્સ એકજ સ્થળે ઉપલબ્ધ છે, જેમાં કેન્સર સર્જન, મેડીકલ ઓન્કોલોજીસ્ટ, રેડીયેશન ઓન્કોલોજીસ્ટ, કેન્સર પેથોલોજીસ્ટ, કેન્સર ઈમેજીંગ સ્પેશ્યાલીસ્ટ અને સાયકો ઓન્કોલોજીસ્ટનો સમાવેશ થાય છે, જેથી કરીને દરેક દર્દીની પધ્ધતિસરની સારવાર થઈ શકે છે.
- આ સેન્ટરની વિશેષતા છે "કેન્સર સ્પેશ્યાલીસ્ટ પેનલ", જેમાં વિવિધ સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર્સ ભેગા મળીને ચર્ચા કરે છે અને પછી દર્દીને યોગ્ય હોય એવી સારવાર અપાય છે.
- દર્દી લક્ષી કેન્સરની સારવાર માટે જાણીતી હોસ્પિટલ છે.
- અધ્યતન ટેકનોલોજી, ગુણવત્તાસભર સારવાર અને સારામાં સારી સુવિધા એચ.સી.જી. દ્વારા આપવામાં આવે છે.

HCG Hospitals
adding life to years



# તમાકુ
## સ્વસ્થ જીવન માટે ખતરો

દર વર્ષે ૩૧ મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય તમાકુના નિષેધ દિન – ૨૦૧૭ નો મુખ્ય વિષય "તમાકુ વિકાસને માટે ખતરો" આ લેખમાં તમાકુ થી થતાં ખતરા, ભયસ્થાન તેમજ તેનાથી કેવી રીતે છુટકારો મેળવી શકાય તેના વિશે જાણકારી આપી છે.

સમગ્ર વિશ્વમાં તમાકુ સૌથી વધુ લત લગાડતી વસ્તુ છે, તેનામાં લત લાગતા તત્વો હોય છે. લોકો સીગારેટ, બીડી, તમાકુ કે ગુટકા જેવી વિવિધ રીતે તમાકુનું સેવન કરતાં હોય છે. તમાકુનું વધુ પડતું સેવન કરવાથી મૃત્યુ પણ થઈ શકે છે.

### તમાકુથી થતું નુકશાન

તમાકુનું સામાન્યતઃ ધુમ્રપાન વડે સેવન થાય છે. તેનાથી ફેફસા, ગળુ જેવાં અંગોમાં ફેફસાનું કેન્સર તેમજ ક્રોનીક બ્રોન્કાઈટીસ થઈ શકે છે. કોઈપણ પ્રકારનું ધુમ્રપાન તેમન તેના વડે લેવાતાં કશને કારણે ફેફસામાં નુકશાન થાય છે. જેનાથી આનુવાંશિક ડીએનએ બદલાય છે. તેમજ તે અન્ય સ્વરૂપે લેવાતાં તમાકુથી પણ અન્ય પ્રકારના નુકશાન થાય છે. જેમાં દાંતનો સડો, મોઢાનું કેન્સર , જીન્જીવાઈટિસ, ફેફસાનું કેન્સર વિગેરે થાય છે.

### શું તમાકુના વ્યસનથી છુટકારો મેળવવો શકય છે?

કેટલાક ધુમ્રપાન વ્યસનીઓ કોઈના સહાય વિના બહાર નીકળી શકે છે. તેમ છતા ઘણા વ્યકિતઓને સહાયની જરૂર પડે છે કારણકે ધુમ્રપાન નિષ્ક્રિયતાના તાત્કાલિક લાભો હોઈ શકે છે. જેમકે, ઉચ્ચ રકતચાપ (હાઈબ્લડ પ્રેશર) નો રોગ કાબુમાં આવવો, હૃદય રોગથી બચી શકાય. લાંબા ગાળાના ફાયદા જોઈએ તો વિવિધ પ્રકારના શારીરિક હુમલાઓ જેમકે ફેફસાનાં કેન્સર અને અન્ય પ્રકારના કેન્સર તેમજ હૃદયની ધમનીઓને લગતી તકલીફોથી પણ છુટકારો મળે છે.

### ધુમ્રપાનથી મુકત થવાના ઘણા ઉપાયો છે.

**નીકોટીન રીપ્લેસમેન્ટ થેરાપી**

મોટાભાગનાં લોકો નીકોટીન રીપ્લેસમેન્ટ થેરાપીની મદદથી વ્યસનમુકત થતાં હોય છે. જેમકે નીકોટીન ગમ, ટ્રાન્સડર્મલ નીકોટીન પેચ, નીકોટીન પતાસાનો ઉપયોગ કરીને અથવા નીકોટીન રીપ્લેસમેન્ટ જેવા અન્ય કોઈ સ્વરૂપ તરીકે જેનાથી નીકોટીનની તમારા શરીરમાં પ્રવેશતી માત્રાને ઘટાડી શકાય છે. ધીમે ધીમે તમે આ નીકોટીનની માત્રા ઘટાડીને અંતે એક તબક્કે વ્યસનથી મુકત થઈ શકો છો.

**વર્તણૂકલક્ષી સારવાર**

દરેક ધુમ્રપાન કરનાર વ્યકિત પોતે ધુમ્રપાન નથી કરતો પરંતુ એવી કોઈ પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે જેમ કે તણાવપૂર્ણ પરિસ્થિતિ. જયારે તમે ધુમ્રપાન છોડો ત્યારે આ ટ્રીગર્સ પણ વધુ શકિતશાળી બનીને તૃષ્ણા સર્જન કરે છે. જો તમે તલપ બંધ કરવા માંગો છો તો તમારે તેની ખાતરી કરવી કે ટ્રીગર્સ કયારેય સક્રિય ના થાય જો નિર્માણ જ ન થવા દે તો તે ધુમ્રપાન પણ કરશે નહિં. ધીરે ધીરે વ્યકિત જરૂરીયાત અનુસાર સીગારેટ પીવાનું ઓછું કરશે તેમજ અંતે સીગારેટ પીવાનું છોડી દેશે.

સામાન્યપણે ફોન પર વાત કરતી વખતે સીગારેટ પીવો છો તો તે વખતે હાથમાં પેન પેપર લઈ કંઈ પણ લખો – દોરો જેથી કરીને તમે સીગારેટ તરફના વળો. તમે બપોરે જમ્યા પછી ધુમ્રપાન કરતા હોવ તો તમારી જાતને બીજી કોઈ બાબતોમાં વ્યસ્ત રાખો જેથી તે સમય દરમ્યાન ધુમ્રપાનની તલપથી બચી શકો.

**મક્કમ બનો**

મોટાભાગના લોકો સફળતા પૂર્વક ધુમ્રપાન છોડી શકે છે. કારણકે તેઓ નક્કી કરે છે કે હવે સિગારેટ કયારેય લેશે નહી એવું માનવું થોડું મુશ્કેલ છે કે, વ્યકિત જાતે જ વ્યસન છોડે પણ વાસ્તવિકતા એ જ છે કે, વ્યકિત મક્કમ બને તોજ વ્યસન છોડવું શકય છે. જેમણે સફળતાપૂર્વક વ્યસનના છોડેલ છે તેમાના મોટાભાગના લોકો મક્કમ બન્યા છે અને વ્યસનથી મુકત થયા છે. સામાન્ય રીતે આવું કામ મુશ્કેલ કે અશક્ય લાગે છે, પરંતુ તેવું નથી. અસંખ્ય લોકો મક્કમ બનીને ધુમ્રપાન છોડી ચૂકયા છે. તમે પણ આ બાબતે વિચારો, તમે પણ કરી જ શકો છો.

**સમય આપો**

તમે ધીરે ધીરે જે પ્રમાણે સીગારેટ પીઓ છો તેની સંખ્યામાં ઘટાડો આમ કરવાથી તમારા શરીરમાં જનાર નીકોટીનની માત્રા ઓછી થશે અને તમને જયારે સીગારેટની તલબ લાગે ત્યારે તેનો પ્રતિકાર કરવા મદદરૂપ નીવડશે.

# એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા દ્વારા

## ''લોકોને તમાકુ છોડવામાં મદદ કરીને વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવી''

એચસીજી, કેન્સર કેરના સ્પેશિયાલિસ્ટ, વડોદરા, તમાકુના વ્યસનથી થતાં નુક્સાન વિશે જાગૃતિ ફેલાવવા નિમિત્તે વોકાથોનનું આયોજન કર્યું હતું. તમામ વયના લોકોમાં તમાકુની વ્યસન કરનારની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી રૂપે અને લોકોને તમાકુનું વ્યસન છોડવા પ્રોત્સાહિત કરવા માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વડોદરાના લોકોને આરોગ્ય પસંદ કરવા પ્રેરણા આપે છે નહીં કે તમાકુ.

આ કાર્યક્રમમાં મેયર તથા વડોદરાના પ્રથમ નાગરીક ડો. જીગીશા શેઠ અને તૃતીયા ગૃહ રાજકુમાર પુજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી સિધ્ધાંતકુમાર મહોદયશ્રી દ્વારા વોકાથોનને લીલી ઝંડી આપવામાં આવી હતી. ડો. જીગીશા શેઠે લોકોને સારા સ્વાસ્થ્ય અને યુવાનો તમાકુંના વ્યસનને છોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ દ્વારા દરેકને સંદેશ આપવામાં આવ્યો હતો કે

દરેક સમાજના યુવાન લોકો વ્યસન મુક્ત રહે. કાર્યક્રમના બીજા તબક્કામાં આ વર્ષે એચસીજી - વોકેથોન - ૨૦૧૯, કમાટીબાગ થી શરૂ કરી કાલાઘોડા સર્કલ થી કમાટીબાગ પરત ફરી હતી. તમાકું વિરુધ્ધ ઝુંબેશમાં 300 કરતાં વધુ યુવાનો જોડાયા હતા અને તેઓએ તમાકું વિરુદ્ધ કાર્યક્રમને આગળ ધપાવવાના ઓથ લીધા હતા. આ વોકાથોનમાં ૨૦૦ થી વધારે તથા ઝુમ્બામાં લગભગ 300 યુવાન લોકોએ ભાગ લીધો હતો.

ગુજરાતમાં ૬૦ ટકા પુરુષો અને ૮.૪ ટકા મહિલાઓ કોઈને કોઈ રીતે તમાકુનું વ્યસન ધરાવે છે. અગાઉ, ૨૦ થી 30 વર્ષના વયજૂથમાં તમાકુને કારણે કેન્સરનું પ્રમાણ લગભગ શૂન્ય હતુ. પરતું હવે તે ૫.૫ ટકા છે. એક અભ્યાસ મુજબ, પરોક્ષ રીતે ધુમ્રપાન કરતા લોકોમાં પણ કેન્સરનું પ્રમાણ વધી

રહ્યું છે. આથી તમાકુથી થતા કેન્સર સામે લડવા માટે મોંઢા અને ગળાની તપાસ માટે મફ્ત સેવા આપવાનો વિચાર રજૂ થયો. અને એ રીતે તમાકુનું વ્યસન ઘટાડવા તથા મોંઢા અને ગળાના કેન્સરનું વહેલું નિદાન કરીને સારવારના પરિણામ, જીવનબચાવનો દર તથા જીવનની ગુણવત્તા સુધારવા માટે આ પહેલ યોજવામાં આવી છે.









HCG Hospitals
adding life to years

# HEALTH AWARENESS BY HCG CANCER CENTRE, VADODARA





·"Choose Health Not Tobacco" Awareness Talk At Gujarat Infra Pipes ltd karjan On 31st May World No Tobacco day By
**Dr Pinaki Mahato -** Medical Oncologist

Tobacco Cessation Clinic Inauguration and Say No to Tobacco Awareness Talk On 31st May World No Tobacco day by
**Ms Snehal Telang -** Psycho- Oncologist









Choose Health Not Tobacco Awareness Talk At Cosmo Films Karjan On 31st May World No Tobacco day By
**Dr Priyanka Das -** Medical Oncologist





YOGA Nikentan with Support of HCG Cancer Centre Vadodara Celebrated International Yoga with more than 1000 people performed 108 Surya Namskar at Lukshmi Vilas Palace on 20th June 2019





Yoga Awareness rally on 21st june 2019 from Yoga Niketan to Deluxe Crossing to Kamatibaugh to Kalaghoda back to YOGA Niketan

# કેન્સર સામેના સમયસર સાવચેતીનાં પગલાં



**સમયસર સાવચેતીનાં પગલાં**

કહેવાય છે કે વહેલાસર કદમ ઉઠાવવાથી લક્ષ્ય પ્રાપ્તિ થઈ શકે છે. કેન્સરને નાથવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનો ઉત્તમ માર્ગ એ છે કે વહેલાસર સ્ક્રીનીંગ કરવામાં આવે. કેન્સરના કિસ્સામાં કેન્સરનું વહેલું નિદાન સ્ક્રીનીંગ હેલ્થ ચેકઅપ દ્વારા શક્ય બને છે.

કેન્સરના આગોતરા લક્ષણો શું હોય છે ?

એ મહત્ત્વનું છે કે કોઈપણ વ્યક્તિની પગથી માથા સુધી સમયાંતરે તપાસ થાય અને કોઈ ફેરફાર હોય તો નોંધી શકાય છે. કોઈ તકલીફ બે કે ત્રણ સપ્તાહમાં દૂર ન થાય તો નિષ્ણાંત તબીબની ચોક્કસ અને ખાસ સલાહ લેવી જરૂરી છે.

**વ્યક્તિએ ક્યારે નિષ્ણાંતને મળવું જોઈએ ?**

- ભૂખ ન લાગવી કે વજન ઘટવું, બીમાર સ્વાસ્થ્ય કે તાવમાં સુધારો ન થાય
- જો તમે જૂઓ કે તમારા શરીરમાં નાની કે મોટી ગાંઠ કે તલ છે અને તેનું કદ કે રંગ બદલે છે
- ત્વચામાં ફેરફાર, ખંજવાળ કે ઘા રૂઝાય નહીં
- સતત માથાનો દુ:ખાવો થાય અને દૃષ્ટિ ઝાંખી પડતી હોય કે અન્ય કોઈ આંખ સંબંધિત લક્ષણો દેખાય, ઉબકા કે ઉલટી થાય
- મોંઢા માથી લોહી આવવું
- ડોકમા સોજો કે અવાજ અથવા સ્વાદમાં ફેરફાર કોઈ દેખીતા કારણ વિના થાય ત્યારે
- સ્તનમાં ફેરફાર અને / અથવા નિપલ્સમાંથી પ્રવાહી નીકળે કે ખુલ્લી હથેળી ફેરવતા ગાંઠ હોવાનું જણાય કે ખાડા જેવું જણાય
- પાચન કે ગળવામાં સતત મુશ્કેલી થતી હોય
- શૌચની આદતમાં કોઈ ફેરફાર, મળ કાળો આવે કે તેમાં લોહી આવે
- પેશાબની ક્રિયામાં ફેરફાર
- યોનિમાંથી પિરિયડ્સ કે મેનોપોઝ પછી રક્તસ્ત્રાવ થાય
- પગનો દુ:ખાવો કે પીઠનો દુ:ખાવો કે જે મટતો ન હોય
- લોહી ન ગુમાવાય તો પણ હિમોગ્લોબીન ઓછું થાય
- શરીરમાં વારંવાર ગમે ત્યાં ચેપ લાગે

સ્ક્રીનીંગ ટેસ્ટમાં શું સામેલ હોવું જોઈએ ?

**મહિલાઓ માટે :**

**આદર્શ સ્ક્રીનીંગમાં નીચેની બાબતો સામેલ હોય :**

૧. પેપ ટેસ્ટ
૨. મેમોગ્રામ
૩. પેટ અને પેલ્વિસની અલ્ટ્રાસોનોગ્રાફી
૪. ગરદનની અલ્ટ્રાસોનોગ્રાફી
૫. છાતીનો એક્સ-રે
૬. મળ અને પેશાબનું નિત્યક્રમ અને માઈક્રોસ્કોપિક પરીક્ષણ
૭. લોહીનો રૂટિન ટેસ્ટ

**પુરુષો માટે :**

આદર્શ સ્ક્રીનીંગમાં નીચેની બાબતો સામેલ હોય :

૧. પી એસ એ (પ્રોસ્ટે સ્પેસિફિક એન્ટીજન) ટેસ્ટ
૨. પેટ અને પેલ્વિસની અલ્ટ્રાસોનોગ્રાફી
૩. ગરદનની અલ્ટ્રાસોનોગ્રાફી
૪. છાતીનો એક્સ-રે
૫. ઝાડા અને પેશાબનું રૂટિન અને માઈક્રોસ્કોપિક પરીક્ષણ
૬. બ્લડ રૂટિન ટેસ્ટ

સારા સમાચાર એ છે કે એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા દ્વારા ખૂબ વ્યાજબી ફી સાથે આ સ્ક્રીનીંગ ટેસ્ટ તો ખરા જ, સાથો સાથ ઓન્કોસર્જન્સ કે ઓન્કોફિશિયન્સની જરૂર પડે તો તેમની સલાહ પણ ઉપલબ્ધ છે. ખાસ કરીને યુવાન વ્યક્તિઓ માટે સમયસર કેન્સરની ભાળ મેળવી લેવાની અને તેને ઉગતા જ ડામી દેવાની આદર્શ તક અહીં છે !



**ડૉ. હેમંત સંત**
કન્સલ્ટન્ટ, પ્રિવેન્ટીવ ઓન્કોલોજી
**એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા**

HCG
Hospitals
adding life to years

# લોહીને લગતા રોગો અને બ્લડ કૅન્સર વિરુદ્ધની તમારી લડાઈને વધુ મજબૂત કરો



## હવે, એચસીજી કેન્સર સેન્ટર, વડોદરામાં

### સર્વસમાવેશક સારવાર અને વિવિધ સુવિધાઓ સાથે અમે છીએ તૈયાર,

- સમર્પિત બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- લોહિના કેન્સર ક્લિનિક
- ફૂલ ટાઈમ નિષ્ણાત ડોક્ટર્સ ઉપલબ્ધ

**CANCER HELPLINE**
**+91 90991 76666**

# HCG CANCER CENTRE, VADODARA IS ACCREDITED WITH NABH-MEDICAL IMAGING SERVICES FOR ITS COMMITMENT TO QUALITY CARE

**HCG Cancer Centre, Vadodara,** specialised in Oncology, providing affordable quality health care to patients has bagged **another accreditation: NABH-Medical Imaging Services (NABH-MIS).** HCG Cancer Centre is now accredited with **2 major NABH accreditations** and **the only comprehensive cancer centre in Gujarat** which has been accredited with NABH-MIS.

Quality is a journey, it never ends, it is an ongoing aspect in view of Quality improvement. HCG Hospitals functions with focus on Quality. After accredited with NABH-National Accreditation Board for Hospitals & Health Care Providers, journey of quality in HCG didn't end there. Management decided to go a step further and applied for NABH-Medical Imaging Services, where a specified department has become an anchor to improve its quality. The hospital has always been at the fore of all Quality Initiatives and the Top Management and founders have always been focused on Quality and it has yet again been testified this time.

The accreditation is a great effort of the Quality Team which has worked day & night with synergistic efforts of Radiology & Nuclear medicine Department. The centre was accredited after the detailed facility assessment and inspection of the departmental processes by the representatives of NABH.

NABH –Medical Imaging Services is focused on diagnostic services-Radiology & Nuclear medicine. It covers investigations of patients that provide imaging information for diagnosis, prevention, and treatment of disease; or assessment of health. It includes radiation based diagnostic radiology as well as a wide variety of specialised techniques including Ultrasound scans, Doppler studies, CT scan, PETCT, Mammography, Radiography, etc.

These services are essential for patient care and therefore must meet the needs of all the patients and the clinical personnel responsible for the care of those patients. These services include arrangement for requisition, choice of appropriate (most informative and cost effective) imaging techniques, patient information, patient consent, patient preparation, patient identification, performance of imaging procedures, interpretation, reporting and advice regarding the result, in addition to the consideration of safety and ethics in diagnostic imaging services.

A medical imaging centre accredited with NABH-MIS maintains certain standard of services (statutory or otherwise); as well as, strive for continuous improvement in the quality of services they provide. Standards for NABH Accreditation for Medical Imaging Services consist of 6 chapters containing 23 standards and 95 objective elements. These standards provide guidelines pertaining to all diagnostic imaging services.

Patients are the biggest beneficiary from NABH-MIS among all the stakeholders. Accreditation results in high quality of care and patient safety. The patients are serviced by credentialed medical staff. Rights of patients are respected and protected. Patient satisfaction is regularly evaluated.



**Dr. Ritika Batra**
Deputy Manager-Quality Assurance
HCG Cancer Centre, Vadodara


અત્યાધુનિક ટેક્નોલોજી
અને સક્ષમ ડોક્ટર્સ
કેન્સર સારવારમાં અમે છીએ શ્રેષ્ઠ

કેન્સરની સંપૂર્ણ સારવાર માટે
આપનું વન સ્ટોપ સોલ્યુશન
કેન્સર હેલ્પલાઈન : ૯૦૯૯૧ ૭૬૬૬૬

# OUR TEAM OF EXPERTS

HCG Hospitals
adding life to years

## Surgical Oncology



**DR. RAJIV BHATT**
Director
Surgical Oncology



**DR. SACHIN WANI**
Consultant
Surgical Oncology



**DR. SHISHIR SHAH**
Consultant
Surgical Oncology



**DR. ANKIT SHAH**
Consultant
Surgical Oncology



**DR. PRAVEEN KHANDELWAL**
Consultant - Sugrical Oncology



**DR. NIKITA CHOKSHI**
Junior Consultant
Head & Neck Oncology

## Medical Oncology



**DR. PRITESH LOHAR**
Director - Medical Oncology



**DR. PRIYANKA DAS**
Consultant - Haemato &
Medical Oncology



**DR. PINAKI MAHATO**
Consultant- Medical &
Paediatric Oncology

## Haematology



**DR. PRATIBHA DHIMAN**
Senior Consultant
Haemato Oncology &
BMT Physician

## Radiation Oncology



**DR. RAHUL MISRA**
Director -
Radiation Oncology



**DR. RAKESH JADHAV**
Consultant -
Radiation Oncology

## Nuclear Medicine



**DR. AVANI JAIN DAMANI**
Consultant Nuclear Medicine
& PET CT

## Microvascular & Reconstructive Surgery



**DR. YOGESH BHATT**
Consultant - Microvascular &
Reconstructive Surgery



**DR. PIYUSH DOSHI**
Consultant Microvascular &
Reconstructive Surgery

## Surgical Pathology



**DR. HIRAL SHAH**
Consultant -
Surgical Pathology

## Pathology



**DR. SARIKA MANSURI**
Consultant - Pathology

## Gynaecology



**DR. MONA BHATT**
Consultant - Gynaecology,
IVF & Fertility

## Intensivist



**DR. PRANAV PATEL**
Director - Intensive Care
& Pain Management

## Preventive Oncology



**DR. HEMANT SANT**
Consultant - Preventive Oncology

## Anaesthesiology



**DR. JAY GOYAL**
Consultant - Anaesthesiology



**DR. CHETAN SHAH**
Director - Anaesthesiology



**DR. AMI FANEJA**
Consultant - Anaesthesiology

## Radiology



**DR. HIMANI PATEL**
Consultant Radiology

# HCG Journey...

**To,**
**Dr. Rajiv Bhatt**
**Director, Department of Surgical Oncology**
**HCG Cancer Centre, Vadodara**

I was a patient at your hospital on March $8^{th}$, 2019 for a period of six days and for one day on April $22^{nd}$, 2019. I received wonderful treatment both times under your care and appreciate your work while performing my surgery. As far as the Cancer Centre, I enjoyed the following during my stay:

Inside the entrance of the hospital, the drinking water arrangement and the small but beautiful Gayatri Temple for the patients to pray for their recovery, the system designed in the hospital to give estimated charges for the surgery as well as approximate pharmacy and consumable charges because they allow for patients to arrange money before the surgery. Additionally, I liked two of the 0.P.D systems because as soon as the patient enters the hospital, they always know where to go to fill out the proper forms and give payments.

Cooperation of your staff, nurses, gate-keepers, and clerks were highly appreciable and the cleanliness of the care centre and inside the patients' rooms were very nice throughout my stay. To give food to the patients according to their wish was also a wonderful arrangement. Holistically, it is a well-managed Cancer Centre.

Thank you so much for your hard work throughout the day for the patients. Currently I am in Florida at the below address, and am recovering well.

May God Bless You.

**Kantibhai Manibhai Amin**
16450 Ivy Lake Drive,
Odessa, Florida, USA.

HCG Hospitals
adding life to years

# ભારતની સૌથી મોટી કેન્સર સારવારની શ્રૃંખલા એચસીજી કેન્સર કેર ની સેવાઓ હવે ઘર આંગણે પણ

## એચસીજી ક્લિનિક્સ

### આણંદ

**દર મંગળવાર, ગુરૂવાર અને શુક્રવાર**
**સ્થળ:** આઈરીસ હોસ્પિટલ, ઈન્દિરા ગાંધીના સ્ટેચ્યુ પાસે, લાભુલ રોડ, આણંદ.
**મો.** ૭૫૭૪૮૭૦૫૪૭
**સમય:** સવારે ૧૧ થી બપોરે ૧

### દાહોદ

**દર શનિવાર**
**સ્થળ:** રીધમ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ, પાંચમો માળ, જીએલકે ટાવર, સ્ટેશન રોડ, દાહોદ - ૩૮૯૧૫૧
**સમય:** બપોરે ૧૨ થી ૨, **મો.** ૯૯૯૮૦૧૦૬૫૨

### ગોધરા

**દર શનિવાર**
**સ્થળ:** સનરાઈઝ હોસ્પિટલ, પ્રભા રોડ, બાપુનગર સોસાયટી, વાવડી બજરંગ, ગોધરા - ૩૮૯૦૦૧
**સમય:** સવારે ૯.૩૦ થી ૧૧.૩૦, **મો.** ૯૯૯૮૦૧૦૬૫૨

### રતલામ

**દર શુક્રવાર**
**સ્થળ:** મુકુંદ ઈમેજીંદ એન્ડ ડાયગ્નોસ્ટીક, ૮-ફ્રીગંજ રોડ, દો બત્તી સ્કવેરની પાસે, રતલામ (એમપી)-૪૫૭૦૦૧
**સમય:** બપોરે ૧.૩૦ થી સાંજે ૪.૦૦
**મો.** ૯૯૯૮૦૧૦૬૫૨

### જમનાબાઈ ઓપીડી - વડોદરા

**દર સોમવાર**
**સ્થળ:** જમનાબાઈ, માંડવી ગેટ, વડોદરા
**સમય:** સવારે ૯.૦ થી ૧૧.૩૦
**મો.** ૭૦૬૯૦૯૦૪૩૦

### પ્રેમદાસ જલારામ ઓપીડી - વડોદરા

**દર મંગળવાર અને ગુરૂવાર**
**સ્થળ:** પ્રેમદાસ જલારામ, વરાસિયા રીંગ રોડ, વડોદરા.
**સમય:** સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦
**મો.** ૭૦૬૯૦૯૦૪૩૦

### એચસીજી ઈન્ફ્યુઝન સેન્ટર ભરૂચ

ડોક્ટર હાઉસ, ગ્રાઉન્ડ ફ્લોર, આર.કે. કાસ્ટા, સુપર માર્કેટ પાછળ, ફળશ્રુતી નગર, ભરૂચ. ફોન નં. ૭૫૭૪૮૭૦૦૫૧

**ભરૂચ**
સેવાશ્રમ હોસ્પિટલ, ભરૂચ. | દર બુધવાર | સમય ૧૧.૦૦ થી ૧.૦૦ | ફોન નં. ૭૫૭૪૮૭૦૦૫૧

RNI No.- GUJBIL/2015/69953
Registered Under Postel Registration No. AHD-C\72\2017-2020 Valid up to 31st December 2020,
Permitted to post at PSO, Ahmedabad on 21st & 22nd of every Month

HCG™
adding life to years



**HCG CANCER CENTRE, AHMEDABAD**
**Sola Science City Road, Nr. Sola Bridge, S.G. Highway,**
**Ahmedabad-380060. Ph. +91 79 404 10 101 | Web: www.hcghospitals.in**



**HCG HOSPITALS, AHMEDABAD**
**Mithakhali, Ellisbridge, Ahmedabad-380006.**
**Ph. +91 79 400 10 101 | Web: www.hcghospitals.in**




**HCG CANCER CENTRE, VADODARA**
**Sun Pharama Road, Vadodara - 390012**
**Ph. +91 265 230 4000 | Web: www.hcghospitals.in**



**HCG HOSPITALS, BHAVNAGAR**
**1139, Sir Patni Road, Meghani Circle, Bhavnagar - 364001**
**(M) +91 90991 46666 | Web: www.hcghospitals.in**



**HCG HOSPITALS, RAJKOT**
**Ayodhya Chowk, HCG Hospital Road, Nr. Astha Avenue, Off 150Ft Ring Road,**
**Rajkot - 360005. Ph.+91 281 6191000 | Web: www.hcghospitals.in**

If undelivered, please return to :
**HCG Hospitals**, Mithakhali, Ellisbridge,
Ahmedabad-380006

Printed and Published by **DR. BHARAT GADHAVI** on behalf of **HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED** and Printed at Print Vision Private Limited., Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad – 380 006. Published at HCG MEDI- SURGE HOSPITALS PRIVATE LIMITED. Mithakhali, Ellisbridge, AHMEDABAD – 380 006. **Editor - DR. BHARAT GADHAVI.**

**Place of Publication : HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED, Mithakhali, Ellisbridge, Ahmedabad-380006**

**Please write us : info@hcghospitals.in**